श्री

अथ रामरक्षास्तोत्र प्रारंभः

(गुर्जर टीका सहित.)

प्रसिद्ध कर्ता

पंडित नारायण मूळजी.

अयंच

मुंबय्या

तत्त्वविवेचक मुद्रालये मुद्रितं.

शके १८३४. सने १९१३.

मूल्य १ आनो.



॥ श्रीगणेशायनमः ॥ श्रीसीतारामचंद्राभ्यां नमः ॥ अस्य श्री रामरक्षास्तोत्रमंत्रस्य बुधकौशिकऋषिः ॥ श्रीसीतारामचंद्रो देवता ॥ अनुष्टुप् छंदः ॥ सीताशक्तिः ॥ श्रीमद्धनुमान्कीलकं ॥ श्रीरामचंद्रप्रीत्यर्थे रामरक्षा स्तोत्रमंत्रजपे विनियोगः ॥ अथ ध्यानं ॥ ध्यायेदाजानुबाहुं धृतशरधनुषं बद्धपद्मासनस्थं ॥ पीतंवासो वसानं नवकमलदलस्पर्धिनेत्रं प्रसन्नं ॥ वामांकारूढ सीतामुखकमलमिलल्लोचनं नीरदाभं नानालंकारदीप्तं दधतमुरुजटामंडलं रामचंद्रं ॥ १ ॥ इतिध्यानं ॥

આ રામરક્ષા સ્તોત્રરૂપ મંત્રના, ઋષિ બુધકૌશિક છે, દેવતા શ્રી સીતા રામચંદ્રજી છે, અનુષ્ટુપ છંદ છે શ્રી સીતા શક્તિ છે, શ્રી હનુમાન કીલક છે, શ્રીરામચંદ્રજીને પ્રસન્ન કરવા માટે રામરક્ષા સ્તોત્રનો નીરંતર પાઠ કરવો.

અથધ્યાન—ગોઠણસુધી લાંબા જેના હાથ છે જેણે ધનુ-ષ્યબાણ ધારણ કર્યું છે. પદ્માસન વાળીને જે બેઠા છે, પીળાં વસ્ત્ર જેણે પેહર્યાં છે, નવાં કમળના દળ કરતાં સુંદર

જેનાં મનોહર નેત્ર છે, ડાબી દ્વારે બીરાજેલાં સીતાજીના મુખકમળ ઉપર જેનાં નેત્ર પડે છે, મેઘના સરખી જેની સુંદર કાંતિ છે, અનેક પ્રકારના અલંકારોથી જે શોભે છે, અને જે મોટી જટારૂપ આભૂષણને ધારણ કરે છે, તે શ્રીરામચંદ્રજીનું હું ધ્યાન ધરૂં છું.

॥ श्री रामरक्षास्तोत्रप्रारंभः ॥

चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरं ॥
एकैकमक्षरं पुंसां महापातकनाशनं ॥ १ ॥

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર સો કરોડના વિસ્તારવાળું છે અને એકેક અક્ષરનો પણ જે માણસો પાઠ કરે છે તેનાં મહા પાપ નાશ થાય છે.

ध्यात्वा नीलोत्पलश्यामं रामं राजीवलोचनं ॥
जानकीलक्ष्मणोपेतं जटामुकुटमंडितं ॥ २ ॥
सासितूणधनुर्बाणपाणिं नक्तंचरांतकं ॥
स्वलीलया जगत्रातुमाविर्भूतमजं विभुम् ॥ ३ ॥

નીલાં કમળના જેવી શ્યામ જેની મૂર્તી છે, અને કમળના સરખાં નેત્રવાળાં શ્રીસીતાજી તથા લક્ષ્મણજી સહિત, જટાથી અને મુગુટથી શોભીતા, તરવાર સહિત, ભાલા અને ધનુષ-બાણ જેના હાથમાં છે એવા, રાક્ષસોના કાળરૂપ અને જગતનું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જે પ્રગટ થયા છે, જન્મ મરણ રહીત અને સમર્થ એવા શ્રીરામચંદ્રજીનું ધ્યાન ધરીને ॥ ૨ ॥ ૩ ॥

रामरक्षा पठेत्प्राज्ञः पापघ्नीं सर्वकामदाम् ॥
शिरो मे राघवः पातु भालं दशरथात्मजः ॥ ४ ॥
कौसल्येयो दृशौ पातु विश्वामित्रप्रियः श्रुती ॥
घ्राणं पातु मखत्राता मुखं सौमित्रिवत्सलः ॥ ५ ॥

પાપને ટાળનારી અને સર્વ કામનાને પૂરનારી આ રામ-રક્ષાનો પાઠ કરવો. રઘુકુળમાં ઉત્પન્ન થએલા શ્રીરામચંદ્રજી મારા માથાની રક્ષા કરો. દશરથના પુત્ર મારા કપાળનો રક્ષા કરો કૌસલ્યાના પુત્ર મારી આંખોની રક્ષા કરો. વિશ્વા-મિત્રને પ્રિય એવા મારા બે કાનની રક્ષા કરો. યજ્ઞનું રક્ષણ કરનારા મારી નાસિકાની રક્ષા કરો. લક્ષ્મણજી જેને પ્રીય છે એવા, મારા મુખની રક્ષા કરો ।। ૪ ।। ૫ ।।

जिव्हांविद्यानिधिः पातु कंठं भरतवंदितः ॥
स्कंधौ दिव्यायुधः पातु भुजौ भग्नेशकार्मुकः ॥ ६ ॥

વિદ્યાના ભંડાર મારી જીભની રક્ષા કરો. ભરતજીએ નમસ્કાર કરેલા રામચંદ્ર મારા કંઠની રક્ષા કરો. દિવ્ય આયુધને ધારણ કરનારા મારા ખભાની રક્ષા કરો. શિવના ત્ર્યંબક ધનુષ્યને ભાંગનાર મારા ભુજાની રક્ષા કરો ।। ૬ ।।

करौ सीतापतिः पातु हृदयं जामदग्न्यजित् ॥
मध्यं पातु खरध्वंसी नाभिं जांबवदाश्रयः ॥ ७ ॥

સીતાના પતિ મારા હાથની રક્ષા કરો. પરશુરામને જીતનાર મારા હૃદયની રક્ષા કરો. ખરદૈત્યને મારનાર રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરો. જાંબવાનના આશ્રય રૂપ રામચંદ્ર મારી નાભીની રક્ષા કરો. ॥ ૭ ॥

सुग्रीवेशः कटी पातु सक्थिनी हनुमत्प्रभुः ॥
ऊरू रघूत्तमः पातु रक्षःकुलविनाशकृत् ॥ ८ ॥

સુગ્રીવના ઈશ્વર રામચંદ્રજી મારી કટીની રક્ષા કરો. હનુમાનના સ્વામી રામચંદ્ર મારી બે સાથળની રક્ષા કરો. રાક્ષસના કુળને નાશ કરનારા રઘુકુળમાં ઉત્તમ રામચંદ્ર મારાં બે ઊરૂની રક્ષા કરો ॥ ૮ ॥

जानुनी सेतुकृत्पातु जंघे दशमुखांतकः ॥
पादौ विभीषणश्रीदः पातु रामोऽखिलं वपुः ॥ ९ ॥

સમુદ્રપર સેતુ બાંધનારા મારા ગોઠણની રક્ષા કરો. રાવણનો નાશ કરનારા રામચંદ્રજી મારી જંઘાની રક્ષા કરો. વિભીષણને લંકાનુ રાજ્ય આપનારા મારા પગની રક્ષા કરો. અને રામચંદ્રજી મારા આખા શરીરની રક્ષા કરો ॥ ૯ ॥

एतां रामबलोपेतां रक्षां यः सुकृती पठेत् ॥
स चिरायुः सुखी पुत्री विजयी विनयी भवेत् ॥१०॥

સારાં કૃત્યને કરનારો જે માણસ આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે છે તે લાંબા આયુષ્યવાળો થાય, સુખી થાય, પુત્ર પામે, જય મેળવે અને વિનયવાળો થાય છે ॥ ૧૦ ॥

पातालभूतलव्योमचारिणश्छद्मचारिणः ॥
न द्रष्टुमपि शक्तास्ते रक्षितं रामनामभिः ॥ ११ ॥

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઈ હોય તેને પાતાળમા પૃથ્વી ઉપર અને આકાશમાં ફરનાર દૈત્યો જોવાને સમર્થ થતા નથી અર્થાત તેઓનો ભય થતો નથી ॥ ૧૧ ॥

रामेति रामभद्रेति रामचन्द्रेति वा स्मरन् ॥
नरो न लिप्यते पापैर्भुक्तिं मुक्तिं च विंदति ॥ १२ ॥

કલ્યાણને કરનારા, રામચંદ્રનું રામ રામચદ્ર એપ્રમાણે જે સ્મરણ કરે છે તે માણસ કોઈ દિવસ પાપથી ન લેપાતાં સુખ પામે છે અને મોક્ષને મેળવે છે ॥ ૧૨ ॥

जगज्जैत्रैकमंत्रेण रामनाम्नाभिरक्षितम् ॥
यः कंठे धारयेत्तस्य करस्थाः सर्वसिद्धयः ॥ १३ ॥

જગતને જીતનારા એક રામનામના મંત્રથી જેમાં રક્ષા કરવામાં આવી છે એનું આ સ્તોત્ર કોઈ પાઠ કરે તો તેને સર્વ સિદ્ધિઓ હાથમાંજ આવી રહે છે ॥ ૧૩ ॥

वज्रपंजरनामेदं यो रामकवचं स्मरेत् ॥
अव्याहताज्ञः सर्वत्र लभते जयमंगलं ॥ १४ ॥

વજ્રપંજર નામના આ રામરક્ષારૂપ કવચનો જે પાઠ કરે તે અખંડ જ્ઞાનવાળો અને સર્વ ઠેકાણે કીર્તીરૂપ કલ્યાણને મેળવે છે ॥ ૧૪ ॥

आदिष्टवान्यथा स्वप्ने रामरक्षामिमां हरः ॥
तथा लिखितवान्प्रातः प्रबुद्धो बुधकौशिकः ॥ १५ ॥

આ રામરક્ષા શ્રી સદાશિવે વિશ્વામિત્રઋષિને સ્વપ્નમાં આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન ઋષિએ સહવારમાં ઉઠીને જગતના કલ્યાણ માટે લખી લીધી છે ॥ ૧૫ ॥

आरामःकल्पवृक्षाणां विरामः सकलापदाम् ॥
अभिरामस्त्रिलोकानां रामः श्रीमान्सनः प्रभुः ॥ १६ ॥

સર્વ કલ્પવૃક્ષોના આરામ રૂપ, સઘળી વિપત્તિઓને દૂર કરનારા, અને ત્રિલોકીને આનંદ આપનારા શ્રીમાન્ રામચંદ્રજી અમારા પ્રભુ છે ॥ ૧૬ ॥

तरुणौ रूपसंपन्नौ सुकुमारौ महाबलौ ॥
पुंडरीकविशालाक्षौ चीरकृष्णाजिनांबरौ ॥ १७ ॥
फलमूलाशिनौ दांतौ तापसौ ब्रह्मचारिणौ ॥
पुत्रौ दशरथस्यैतौ भ्रातरौ रामलक्ष्मणौ ॥ १८ ॥

તરૂણ અવસ્થાવાળા, અતિરૂપવાળા, સુકુમાર શરીરવાળા ઘણા બળવાળા કમળસરખાં વિશાળ નેત્રવાળા જુનાં શ્રેષ્ઠ મૃગચર્મરૂપ વસ્ત્ર ધરનારા ॥ ૧૭ ॥ ફળમૂળ ભક્ષણ કરનારા ઈંદ્રિયોને વશ રાખનારા તપ કરનારા, બ્રહ્મચર્યવ્રતને પાળનારા અને દશરથના પુત્ર અને લક્ષ્મણજીના ભ્રાતા શ્રીરામચંદ્ર॥૧૮॥

शरण्यौ सर्वसत्त्वानां श्रेष्ठौ सर्वधनुष्मताम् ॥
रक्षःकुलनिहंतारौ त्रायेतां नो रघूत्तमौ ॥ १९ ॥

સર્વ પ્રાણિયો જેને શરણ જાવા યોગ્ય છે, સર્વ ધનુશધારીઓમાં ઉત્તમ અને રાક્ષસોના કુળનો નાશ કરનારા આ રામ અને લક્ષ્મણજી રઘુવંશના પુરૂષ અમારી રક્ષા કરો ॥ ૧૯॥

आत्तसज्जधनुषाविषुस्पृशावक्षयाशुगनिषंगसंगिनौ ॥
रक्षणाय मम रामलक्ष्मणावग्रतः पथि सदैव गच्छताम्

સજ્જ કરેલું ધનુષ્ય જેમણે ચઢાવ્યું છે એવા બાણુનો

સ્પર્શ કરનારા અને જેમાં બાણો ખુટે નહીં એવા ભાથાઓ જેને સંગે છે એવા શ્રીરામ લક્ષ્મણ મારૂં રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર નીરંતર આગળ ચાલજો ।। ૨૦ ।।

सन्नद्धः कवची खड्गी चापबाणधरो युवा ॥
गच्छन्मनोरथोस्माकं रामः पातु सलक्ष्मणः ॥२१॥

જે કવચ પહેરેલાં, ખડગ ધારણ કરેલાં અને ધનુષ્યબાણ ધરનારા યુવાન શ્રીરામચંદ્ર અને લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતાં અમારા મનોરથની રક્ષા કરો ।। ૨૧ ।।

रामो दाशरथिः शूरो लक्ष्मणानुचरो बली ॥
काकुत्स्थः पुरुषः पूर्णः कौसल्येयो रघूत्तमः ॥२२॥

દશરથ રાજાના પુત્ર, શૂરવીર, લક્ષ્મણ જેની સેવા કરે છે એવા, બળિયા, કકુત્સ્થકુળમાં જન્મેલ, પુરૂષ સર્વ કામનાથી ભરેલા, કૌસલ્યાના પુત્ર રઘુકુળમાં ઉત્તમ ।। ૨૨ ।।

वेदांतवेद्यो यज्ञेशः पुराणपुरुषोत्तमः ॥
जानकीवल्लभः श्रीमानप्रमेयपराक्रमः ॥२३॥

વેદ તથા વેદાંતો જેનાસ્વરૂપને જાણે છે એવા, યજ્ઞોના

ઈશ્વર, પુરાણ પુરૂષમાં ઉત્તમ, જાનકીજીના પતિ, શોભાયમાન, જેનાં પરાક્રમ જાણી ન શકાય એવા શ્રીરામચંદ્રજી છે ॥૨૩॥

इत्येतानि जपेन्नित्यं मद्भक्तः श्रद्धयान्वितः ॥
अश्वमेघाधिकं पुण्यं संप्राप्नोति न संशयः ॥ २४ ॥

એ પ્રમાણે મારા ભક્તો શ્રદ્ધા રાખીને નિરંતર પાઠ કરે તો અશ્વમેધ યજ્ઞ કરવાના પુણ્યને પામે છે તેમાં કાંઈ સંદેહ નથી ॥ ૨૪ ॥

रामं दूर्वादलश्यामं पद्माक्षं पीतवाससम् ॥
स्तुवंति नामभिर्दिव्यैर्न ते संसारिणो नराः ॥२५॥

દૂર્વાના દલ જેવા શ્યામ વર્ણવાળા કમલના સરખાં નેત્રવાળા અને પીળાં વસ્ત્ર પેહેરનારા શ્રીરામચંદ્રની દિવ્યસ્તુતિ પુરૂષો કરે છે તે જન્મ મરણને પામતા નથી ॥ ૨૫ ॥

रामं लक्ष्मणपूर्वजं रघुवरं सीतापतिं सुंदरं ॥
काकुत्स्थं करुणार्णवं गुणनिधिं विप्रप्रियं धार्मिकम् ॥
राजेंद्रं सत्यसंधं दशरथतनयं श्यामलं शांतमूर्तिं ॥
वंदे लोकाभिरामं रघुकुलतिलकं राघवं रावणारिम् २६

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણજીના મોટા ભાઈ છે, રઘુ-

કુળમાં ઉત્તમ છે, સીતાના પતિ છે, કાકુત્સ્થ રાજાના કુળમાં ઉત્પન્ન થયા છે, કરૂણાના સમુદ્રરૂપ છે ગુણના ભંડાર રૂપ છે બ્રાહ્મણો જેને પ્રીય છે ધર્મને વિષે પ્રીતીઓવાળા, રાજાઓમાં ઇંદ્રરૂપ સત્યના ભંડાર રૂપ દશરથના પુત્ર છે, શ્યામસ્વરૂપ છે, શાંત મૂર્તીવાળા છે, લોકોને આનંદ આપનારા છે, રઘુ-કુળને શોભાવનારા છે, અને રાવણના જે શત્રુ છે એવા રઘુ-કુળમાં જન્મેલા શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥ ૨૬ ॥

रामाय रामभद्राय रामचंद्राय वेधसे ॥
रघुनाथाय नाथाय सीतायाः पतये नमः ॥ २७॥

રઘુકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેનાં રામચંદ્ર અને રામભદ્ર એવાં નામ છે તથા વિધાતા રૂપ ઉત્પત્તિ, સ્થિતી અને પ્રલયને કરનારા તેમને નમસ્કાર કરૂં છું ॥ ૨૭ ॥

श्रीराम राम रघुनंदन राम राम श्रीरामरामभरता-ग्रजरामराम ॥ श्रीराम राम रणकर्कश राम राम ॥ श्रीराम राम शरणं भव राम राम ॥ २८ ॥

હે રઘુકુળના વંશમાં થએલા હે રામ, હે રામ, હે રામ, હે ભરતના મોટા ભાઈ, હે રામ, હે રામ, હે રામ, હે રણ-

સંગ્રામમાં કઠણ જણાતા હે રામ, હે રામ, હે લક્ષ્મીને રમાડનારા, હે રામ, હે રામ, અમારૂં શરણ થાઓ ॥ ૨૮ ॥

श्रीरामचंद्रचरणौ मनसा स्मरामि श्रीरामचंद्र चरणौ वचसा गृणामि ॥ श्रीरामचंद्रचरणौ शिरसा नमामि श्रीरामचंद्रचरणौ शरणं प्रपद्ये ॥ २९ ॥

શ્રી રામચંદ્રજીના ચરણને મનવડે સ્મરણ કરૂંછું શ્રીરામચંદ્રના ચરણને વચનવડે ગાઉં છું, શ્રીરામચંદ્રના ચરણને મસ્તકવડે નમું છું; અને શ્રી રામચંદ્રજીના ચરણકમળને હું શરણ થાઉં છું. ॥ ૨૯ ॥

माता रामो मत्पिता रामचंद्रः स्वामी रामो मत्सखा रामचंद्रः ॥ सर्वस्वं मे रामचंद्रो दयालुर्नान्यं जाने नैव जाने न जाने ॥ ३० ॥

મારી માતા શ્રીરામચંદ્ર છે, મારા પિતા શ્રીરામચંદ્ર છે, મારા સ્વામી શ્રીરામચંદ્ર છે, મારા મિત્ર શ્રીરામચંદ્ર છે, અને મારૂં સર્વસ્વ દયાળુ એવા શ્રીરામચંદ્ર છે. બીજા કોઇને હું માતા, પિતા, સ્વામી, મિત્ર અને સર્વસ્વ જાણતો નથી. સમજતો નથી, અને ઓળખતો પણ નથી. ॥ ૩૦ ॥

दक्षिणे लक्ष्मणो यस्य वामे तु जनकात्मजा ॥
पुरतो मारुतिर्यस्य तं वंदे रघुनंदनम् ॥ ३१ ॥

જેની જમણી કોરે શ્રી લક્ષ્મણજી છે, જેની ડાબી કોરે શ્રીજનકની પુત્રી શ્રીસીતાજી છે અને આગળ ચાલનારા શ્રીહનુમાનજી છે તે શ્રીરઘુકુળના કુમાર શ્રીરામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ॥૩૧ ॥

लोकाभिरामं रणरंगधीरं राजीवनेत्रं रघुवंशनाथं ॥
कारुण्यरूपं करुणाकरंतं श्रीरामचंद्रं शरणं प्रपद्ये ३२

લોકોને આનંદ આપનારા, રણસંગ્રામમાં ધીરજ રાખનારા, કમળ સરખાં નેત્રવાળા, રઘુવંશના નાથ દયાની મૂર્તીરૂપ, અને કરૂણાથી ભરેલા શ્રીરામચંદ્રને હું શરણે જાઉં છું. ॥ ૩૨ ॥

मनोजवं मारुततुल्यवेगं जितेंद्रियं बुद्धिमतां वरिष्ठं ॥
वातात्मजं वानरयूथमुख्यं श्रीरामदूतं शरणं प्रपद्ये ३३

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતિ વાળાં ઈંદ્રિયોને જીતનારા બુદ્ધિવાન્ પુરૂષોમાં વખાણવા યોગ્ય, વાયુના પુત્ર, અને વાનરાઓના યૂથના (સૈન્યમાં) મુખી, એવા શ્રીરામચંદ્રજીના દૂત (શ્રીહનુમાનજીને) હું શરણે જાઉં છું. ॥૩૩॥

कूजंतं राम रामेति मधुरं मधुराक्षरं ॥
आरुह्य कवेताशाखां वंदे वाल्मीकिकोकिलम् ।३४।

કવિતા રૂપી શાખા ઉપર બેસીને મીઠાશ ઉપજે એવી રીતે "શ્રીરામ શ્રીરામ" એવી રીતે કોએલની માફક મધુર વાણિયો ઉચ્ચાર કરતા (અર્થાત રામાયણની કવીતાને ગાતા) એવા વાલ્મીકિઋષિ કોકિલને હું નમસ્કાર કરૂં છું ૩૪

आपदामपहर्तारं दातारं सर्वसंपदाः ॥
लोकाभिरामं श्रीरामं भूयो भूयो नमाम्यहम्॥३५॥

આપત્તિઓનો નાશ કરનારા, સર્વ સંપત્તિઓને આપનારા અને લોકને આનંદ આપનારા શ્રીરામચંદ્રજીને હું નમસ્કાર કરૂં છું ॥ ૩૫ ॥

भर्जनं भवबीजानां मर्जनं सुखसंपदाम् ॥
तर्जनं यमदूतानां रामरामेति गर्जनम् ॥ ३६ ॥

રામ નામનો ઉચ્ચાર કરવાથી સર્વ સંસારના બીજને શેકી (અર્થાત બાળિ નાખનારો જન્મ મરણનાં કારણને નાશ કરનારા) સુખરૂપ સંપત્તિઓને શુદ્ધ કરનારો; અને યમના દૂતોને તરછોડી નાખનારો છે. ॥ ૩૬ ॥

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ॥
रामान्नास्ति परायणं परतरं रामस्य दासोस्म्यहं
रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ।३७।

રાજાઓમાં મણી સરખા, શ્રીરામચંદ્ર નિરંતર જયને પામે છે લક્ષ્મીના પતિ રામચંદ્રને હું ભજું છું. જે રામચંદ્રજીએ રાક્ષસોની સેનાને હણીનાખી તે શ્રીરામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. શ્રીરામચંદ્રજીથી બીજું કોઈ શરણે જવા યોગ્ય નથી. હું શ્રીરામચંદ્રનો દાસ છું શ્રીરામચંદ્રજીમાં સદૈવ મારા ચિત્તનો લય થજો. હે શ્રીરામ મારો ઉદ્ધાર કરો.

राम रामेति रामेति रमे रामे मनोरमे ॥
सहस्रनामतत्तुल्यं रामनामवरानने ॥ ३८ ॥

વારંવાર શ્રીરામનું નામ જપતો હું મનોહર રામચંદ્રને વિષે રમું છું હે પાર્વતી એક નામ રામ અને બીજાં હજાર નામ એ બે બરાબર છે. ॥ ૩૮ ॥

इति श्रीबुधकौशिकविरचितं श्रीरामरक्षास्तोत्रं संपूर्णम् ॥

ઇતિ શ્રી બુધકૌશિક મુનિવિરચિતં રામરક્ષાસ્તોત્રં સંપૂર્ણં.

॥ श्रीसीतारामचंद्रार्पणमस्तु ॥

रामाष्टकं ।

श्रीगणेशाय नमः ॥ भजे विशेषसुंदरं समस्तपापखंडनं । स्वभक्तचित्तरंजनं सदैव रामनद्वयम् ॥ १ ॥ जटाकलापशोभितं समस्तपापनाशकम् स्वभक्तभीतिभंजन भजे ह राम नद्वयम् ॥ २ ॥ निजस्वरूपबोधक कृपाकर भवापहम् । सम शिवं निरंजनं भजे ह रममद्वयम् ॥ ३ ॥ सप्रपंचकल्पितं ह्यनामरूपवास्तवम् । निराकृतिं निरामयं भजे ह राममद्वयम् ॥ ४ ॥ निष्प्रपंचनिर्विकल्पनिर्मल निरामयम् । चिदेकरूपसंततं भजे ह राममद्वयम् ॥ ५ ॥ भवाब्धिपोतरूपकं ह्यशेषदेहकल्पितम् । गुणाकर कृपाकरं भजे ह राममद्वयम् ॥ ६ ॥ महावाक्यबोधकैर्विराजमानवाक्पदैः । परब्रह्म व्यापक भजे ह राममद्वयम् ॥ ७ ॥ शिवप्रद सुखप्रदं भवच्छिदं भ्रमापहम् । विराजमानदेशिक भजे ह राममद्वयम् ॥ ८ ॥ रामाष्टक पठति यः सुकरं सुपुण्यं व्यासेन भाषितमिदं शृणुते मनुष्यः । विद्यां श्रियं विपुलसौख्यमनंतकीर्तिं संप्राप्य देहविलये लभते च मोक्षम् ॥ ९ ॥ इति श्रीव्यासविरचित रामाष्टक संपूर्णम् ॥

મુંબઈ—ખેતવાડી બ્યાકરોડ ઘર નં. ૧-૨ અને ૩ માહીંથી "તત્વવિવેચક" છાપખાનામાં રા. ભીવા હરીએ છાપ્યું. તથા પંડિત નારાયણ મૂલજીએ કાલકાદેવી દુકાન નં૦ ૩૪૭ માં પ્રગટ કર્યું.

પંડિત નારાયણ મૂલજીની કંપની, કાળકાદેવીરોડ
બુકસેલર્સ.

શ્રી મહાશિવપુરાણ (૨૪૦૦૦) શ્લોકનું શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૬	૦	૦
નિર્ણયસિન્ધુ ગુ૦ ટી૦...	૮	૦	૦
ગોસ્વામી શ્રી તુલસીદાસકૃત રામાયણ શુદ્ધ ગુજરાતી ટીકા દોહા ચોપાઈ ગુજરાતી લિપીમા નિર્ણયસાગર છાપનું.	૩	૮	૦
વિષ્ણુસહસ્ત્રનામ ગુ૦ ટી૦	૦	૨	૦
શબ્દાર્થસિન્ધુ સં૦ ગુ૦ કોષ	૪	૦	૦
ગીતા ગુ૦ ટી૦ વેદધર્મસભાની નિર્ણયસાગર છાપ. ...	૦	૧૨	૦
વૈદ્યકસારસંગ્રહ મોટું ગુજરાતી	૧	૮	૦
શ્રી બૃહદ્‌ભજનસાગર મોટું સહસ્ત્રભજન	૨	૦	૦
સ્વાહાકારસમુચ્ચય (૩૬)	૦	૪	૦
રુદ્રી યજુર્વેદી ટુંકી સાઇજની પત્રાત્મક આરતીસાથે ...	૦	૩	૦
,, ,, રેશમી પુઠાની આરતીસાથે...	૦	૬	૦
હરિરાયજીકૃત મોટું શિક્ષાપત્ર ગુ૦ ટી૦	૨	૦	૦
માધવનિદાન ગુ૦ ટી૦ વૈદ્યક	૧	૮	૦
ગ્રહગોચર ગુ૦ ટી૦ જ્યોતિષ	૦	૨	૦
યુવતિસૌભાગ્યરત્ન સ્ત્રીઓને બોધ લેવાયોગ્ય	૦	૮	૦
નારાયણકવચ ગુ૦ ટી૦	૦	૧	૦
રામરક્ષા ગુ૦ ટી૦	૦	૦	૬
પૌરાણકર્મદર્પણપ્રયોગ નવી બીજી આવૃત્તિ મુબઈ છાપ ...	૫	૦	૦
જ્યોતિર્વિદ્યાભરણ સટીક સંસ્કૃત	૨	૮	૦

ભાગવત ગુ૦ ટી૦ છુટાં પાનાં નિર્ણયસાગર છાપ એક			
કાગળ	૧૦	૦	
,, ,, રફ ,, ...	૮	૦	
સુશ્રુતસંહિતા ગુ૦ ટી૦ વૈદક	૧૦	૦	
સંથતી સંસ્કૃત સ્થૂલાક્ષર પત્રાત્મક	૩	૮	
ગરૂડપુરાણ ગુ૦ ટી૦	૧	૮	
સત્યનારાયણ ગુ૦ ટી૦ પાનાં...	૦	૩	
,, ચોપડી...	૦	૧	
વૈશ્યસંધ્યા ગુ૦ ટી૦	૦	૧	
ક્ષાત્ર-જનસંધ્યા ગુ૦ ટી૦	૦	૧	
ચોરાશી વૈષ્ણવની વાર્તા નિજવાર્તા ઘરૂવાર્તા વ્રજભાષા એકઠ.	૫	૦	૦
ગીતા ગુ૦ ટી૦ ગટ્ટુલાલજીકૃત નિર્ણયસાગર છાપ	૦	૮	૦
શબ્દરૂપાવલી એકાક્ષરી કોશસહિત	૦	૧	૦
વેદાન્તસ્તોત્ર ભાગ ૧–૨ દરેક ભાગ	૦	૨	૦
સુખી સદન અથવા ચડતી પડતીનો ચિતાર નોવેલ ...	૦	૬	૦
રાજવલ્લભ ગુજરાતી ટીકા	૩	૦	૦
જાતકાલંકાર અન્વયાર્થપ્રકાશિકા ગુ૦ ટી૦	૧	૦	૦
છેલની વાર્તા	૧	૦	૦
પ્રબોધા નૉવલ (રસિક વાર્તા)	૧	૦	૦
શંકરાચાર્ય પંચરત્ન ગુ૦ ટી૦	૧	૦	૦
શતશ્લોકી શંકરાચાર્યકૃત ગુ૦ ટી૦	૦	૧૦	૦
રામગીતા ગુ૦ ટી૦	૦	૬	૦
વલ્લભાખ્યાન વ્રજભાષા અથવા ગુજરાતીભાષા (દરેક ભાષા)	૦	૮	૦
શ્રી ઉપનિષદો તાત્પર્યદીપિકા ટીકા (૧૦૮)	૫	૦	૦

મુંબઈ—ખેતવાડી બૅકરોડ ઘર નં. ૧–૨ અને ૩, "તત્ત્વવિવેચક" છાપખાનામાં
રા. શીવાજી હરી શિંદે એ છાપ્યું, તે પંડીત નારાયણ મુળજીએ
કાળબાદેવી ઘર નં૦ ૩૪૭ માં પ્રસિદ્ધ કર્યું.